જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૭/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન :** **સમાચાર યાદી નં.૧૪૦૪/૧૫**

અમદાવાદ શહેરનાં ખોખરા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૭૫/૨૦૧૪ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, પોસ્કો એક્ટ કલમ ૩, ૪ મુજબનો ગુનો કરી આરોપી પીન્ટુ ઉર્ફે પરસોત્તમ સ/ઓ રમેશજી જાતે : હાથીપસેલ(ઉ.વ.૨૭) (રહે.૨૯/૮, હરી એપાર્ટમેન્ટ, બાબા ફરીદનગર, ગાયત્રીનગર પાસે, ગુપ્તા કિરાણાની દુકાન પાસે, કારોડી રોડ, નેશનલ હાઇવે નં.૬, ની બાજુમાં, નાગપુર, મહારાષ્ટ્ર) નાનો ઉપરોક્ત ગુનામાં ફરાર છે. આ આરોપી પોતાને વૉરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતો અથવા નાસતો ફરે છે. આથી નામદાર એડી.સેશન્સ જજશ્રી, એન.એન.નાયક સાહેબ, એડી.પ્રિન્સીપાલ જજ અને સ્પે.જજ (પોસ્કો એક્ટ) કોર્ટ નં.૨, નાઓએ આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને પોતાની સમક્ષ કોર્ટમાં હાજર થવા ફરમાવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૪૦૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ, ૧૨૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૮૮ બિયર ટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૦,૭૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૪૦૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૪૦૭/૧૫**

**વટવા :** રાધાગોવિંદસિંગ મોહનસિંગ કહાર (રહે.મુળ ગામ: બેદીકોરી, પો.કુમ્હેલા, થાના: ચરપોખરી, જી.ભોજપુર, બિહાર) એ તા.૧૧/૭/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૬/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે વટવા વિંઝોલ રોડ, જાનીયાપીરનો ટેકરો, વણઝારા વાસની સામે, ભૈયાજીની ચાલી નજીકથી પોતાના પુત્ર ચિત્તરંજનપ્રસાદ ઉર્ફે દિપુ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગર :** મોનીકાબહેન ઓમપ્રકાશ યાદવ (ઉ.વ.૧૭)(રહે.પાશ્ર્વનાથ ટાઉનશીપ, કૃષ્ણનગર નરોડા) ને તા.૯/૭/૧૫ સવારનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી લાલસિંહ ઉર્ફે રીન્કુ આર.તોમર (ઉ.વ.૩૫) ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મોનીકાબહેનની માતા દશરથબહેન યાદવે તા.૧૧/૭/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૦૮/૧૫</u>**

**ઇસનપુર :** મિત્તલબહેન મંથનભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે.કંજીલ એપાર્ટમેન્ટ, જીરાફ સર્કલ પાસે, મણીનગર) એ તા.૧૧/૭/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧)મુકેશભાઇ જેઠાભાઇ પટેલ (૨) હંસાબહેન મુકેશભાઇ પટેલ (૩) નિસર્ગ મુકેશભાઇ પટેલ અને (૪) પુજાબહેન મુકેશભાઇ પટેલ (તમામ રહે.જોગેશ્વરી સોસાયટી, અમરાઇવાડી) ભેગામળી મિત્તલબહેન ને વિદેશ જવાની લાલચ આપી તેમની પાસેથી તા.૧૦/૫/૧૫ થી તા.૨૨/૫/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૦૯/૧૫**

**સેટેલાઇટ :** નિઝામ બચુભાઇ પઠાણ (રહે,રિધ્ધી સિધ્ધી સોસાયટી, જોગાસર રોડ, પુનીતનગરની પાછળ, ધાંગધ્રા, જી.સુરેન્દ્રનગર) એ તા.૧૦/૭/૧૫ રાતના ૮/૦૦ વાગે સેટેલાઇટ ગોપાલ આવાસની સામે, પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧૩.વાય.૧૨૧૩ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ નિઝામ પઠાણે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.જાડેજા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૦/૧૫</u>**

**ચાંદખેડા :** મદનસિંહ દેવીસિંહ રાવત(ઉ.વ.૩૫)(રહે.લક્ષ્મીનગર, જનતાનગર ક્રોસીંગ પાસે, ઘાટલોડીયા) એ તા.૧૦/૭/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૭/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાનાં સુમારે ચાંદખેડા, જગતપુર ગોદરેજ ગાર્ડન સીટી ચાર રસ્તા નજીકથી પોતાના ભાઇ પ્રવિણસિંહ દેવીસિંહ રાવતનાઓ મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ઇનોવા ગાડી નંબર જીજે.૧.એચ.એસ.૬૩૬૪ ના ચાલકે પોતાના કબ્જાની કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, પ્રવિણસિંહનાં મોટર સાયકલને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, પ્રવિણસિંહનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**<u>તાજુ જન્મેલ મૃત શિશુ મળી આવવા બાબત :</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૧/૧૫</u>**

**ઇસનપુર :** તા.૧૧/૭/૧૫ ના કલાક ૯/૦૦ વાગ્યા પહેલાના કોઇપણ સમયે હનુમાનજીના મંદિરની પાછળ ઝાડીમાં, ચંડોળા તળાવની પાળ ઉપર તાજી જન્મેલ બાળકી (ઉ.વ. ૨ દિવસની) બિનવારસી ત્યજી દીધેલ, મરણ ગયેલ હાલતમાં મળી આવતાં ઇસનપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગોવિંદસિંહ તખતસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૨/૧૫</u>**

**ચાંદખેડા :** યોગેશભાઇ નાથાભાઇ સામૈયા (ઉ.વ.૩૫)(રહે.ગાંધીનગર ટેકરો, સોરાબજી કંમ્પાઉન્ડ) એ કોઈ કારણસર તા.૪/૭/૧૫ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે વિસત સર્કલથી ગાંધીનગર હાઇ-વે રોડ ઉપર આવેલ ઝાડીઓમાં પોતાની જાતે ઉધઇ મારવાની દવા પી જતાં, શરીર અસર થતાં સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં, ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી,આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવંતભાઇ શંકરભાઇ ચલાવે છે

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૩/૧૫</u>**

| | |
|---|---|
| **વટવાઃ** દિનેશભાઇ રેમતભાઇ ડાંગી (ઉ.વ.૩૨)(રહે.જાતીયાપીરનો ટેકરો, પાણીની ટાંકી પાસે, વટવા) તા.૨૪/૬/૧૫ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો શર્ટ અને સિલેટીયા રંગનુ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **ખાડીયાઃ** જય અરૂણભાઇ પઢિયાર (ઉ.વ.૧૪)(રહે.બદોપોળ, ગુણવંતચોક, ઢાળની પોળ, આસ્ટોડીયા) તા.૩૦/૬/૧૫ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આશમાની રંગનુ ટી-શર્ટ અને લાલ રંગનો બરમુડો પહેર્યો છે. કોણી ઉપર જુનુ વાગેલાનું નિશાન છે. નંબરનાં ચશ્મા પહેરે છે. ઉંચાઈ ૪ ફુટ ૬ ઇંચ છે. (ખાડીયા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૧૪૨૮૨૮) |  |
| **નિકોલ :** શૈલેષભાઈ ચંપકલાલ જોષી (ઉ.વ.૩૭)(રહે.કે.પી.રેસીડેન્સી, અવકાશ પાર્કની બાજુમાં, નિકોલ ગામ) તા.૨૬/૬/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સિલ્વર રંગનો શર્ટ અને કાળુ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઇ ૫ ફુટ ૫ ઇંચ છે. (નિકોલ પોલીસ સ્ટે.ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઘાટલોડીયાઃ** હેમંતભાઈ લાલભાઇ પટેલ (ઉ.વ.૩૯)(રહે.કે.કે.નગર સોસાયટી, વિભાગ-૩, રત્નાપાર્ક ઘાટલોડીયા) તા.૧૮/૬/૧૫ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે થી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળુ પેન્ટ અને રાખોડી રંગનો શર્ટ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ઘાટલોડીયા પો. સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૪૮૯૧૨૭) |  |
| **નરોડાઃ** કમલેશભાઈ શ્યામરાવ મરાઠી (ઉ.વ.૪૪)(રહે.રાધે એપાર્ટમેન્ટ, નીધી પાર્કની અંદર, ઠક્કર નગર, નરોડા) તા.૧/૬/૧૫ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ ચેક્સવાળો શર્ટ અને કોફી રંગનું પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)